# ૫. રિમઝિમ... રિમઝિમ...

ગીત :



ધોધમાર વરસે વરસાદ, શાળા છૂટી ગઈ,
થોભવાનું લેતો નહિ નામ, શાળા છૂટી ગઈ.

વીજળીના થાય કડાકા, શાળા છૂટી ગઈ,
ડરાવે જોને ધડાકા, શાળા છૂટી ગઈ.

પવન સુસવાટે વાય, શાળા છૂટી ગઈ,
છત્રીનો કાગડો થાય, શાળા છૂટી ગઈ.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વાર્તા :

# ફૂલણજી દેડકો

એક કૂવામાં દેડકો, દેડકી અને તેમનાં બચ્ચાં રહેતાં હતાં. દેડકો ખૂબ જાડોપાડો ને વળી ખાઉધરો પણ ખૂબ. તે એમ જ માને કે મારા જેવું મોટું કોઈ છે જ નહિ. એકવાર દેડકાનાં બચ્ચાં કૂવાકાંઠે રમતાં હતાં. એટલામાં ત્યાંથી એક હાથી પસાર થયો. દેડકાનાં બચ્ચાં તો ગભરાયાં. ''ઓ બાપ રે! આટલું મોટું પ્રાણી!'' એ તો કૂદી પડ્યાં કૂવામાં ને દેડકા-દેડકીને કહેવા લાગ્યાં, ''મા-બાપુ! અમે એક મોટું પ્રાણી જોયું. તે બહુ... બહુ મોટું હતું.'' દેડકી કહે, ''હોઈ શકે.'' પણ દેડકો કહે, ''ના, હોઈ જ ના શકે. સૌથી મોટો તો હું જ છું.''

પછી તેણે બચ્ચાંને પૂછ્યું : ''શું તેનું પેટ મારા પેટ જેવડું હતું ?'' એક બચ્ચું કહે, ''અરે બાપુ! આનાથી તો ક્યાંયે મોટું.'' એટલે દેડકાને લાગ્યું ખોટું.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



તે કહે, ''હવે તું જોકે મારું પેટ કેટલું મોટું છે.'' કહી તેણે પેટને ખૂબ ફુલાવ્યું... ખૂબ ફુલાવ્યું. પછી પૂછ્યું, ''બોલ! આનાથીયે મોટું હતું?'' એટલે બીજું બચ્ચું કહે, ''અરે બાપુ! આનાથી તો ક્યાંયે મોટું.'' દેડકાએ ફરી પેટ ફુલાવવા માંડ્યું. દેડકીને થઈ ચિંતા. તે કહે, ''હવે તમે જીદ છોડો. બહુ જીદ કરવા જશો તો પેટમાં દુખશે.'' પણ દેડકો તો માન્યો જ નહિ. ને તેણે પેટ ફુલાવ્યે જ રાખ્યું, ફુલાવ્યે જ રાખ્યું. એટલું ફુલાવ્યું, એટલું ફુલાવ્યું કે છેવટે તેનું પેટ ફટાક ફાટી ગયું.

☞ **વાતચીત :**

- કૂવામાં કોણ કોણ રહેતાં હતાં ?
- તમે જોયેલાં જાડાંપાડાં પ્રાણીઓનાં નામ કહો.
- તમે અને તમારા મિત્ર પેટ ફુલાવી જુઓ, કોનું પેટ વધારે ફૂલે છે !
- હવે બૉર્ડ પર એક દેડકો દોરી ક્રમશઃ વિદ્યાર્થીઓના સહકારથી વાર્તા કહેતા જાવ, દેડકાનું પેટ ફુલાવતા જાવ.

- આ એકમમાં જેમ વ, ર, સ, દ અલગ રંગથી છે તેમ એકમ જમાંથી વ, ર, સ, દ, વા, રા, સા, દા, વે, રે, સે, દે શોધી ◯ કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## અભિનય :


વાર્તાનો અભિનય કરાવો.

## તફાવત શોધાવો :

આનુષંગિક વાચન-પદ્ધતિ મુજબ નીચેનાં વાક્યો વંચાવો, ત્યાર બાદ 'દ' વિભાગમાં જુદા પડતા અક્ષરો પર ◯ વર્તુળ કરાવો :

| વ | દ |
|---|---|
| મનન રમે છે. | નમમ રમે છે. |
| વરસાદ વરસે છે. | વરસાદ વસેર છે. |
| મામા સાદ કરે. | મામા દસા કરે. |
| મને ગમે વરસાદ. | મને ગમે વરદસા. |
| રામન નમે છે. | રામન મને છે. |

## અભિનય-ગીત :



### આવો મેઘરાજા

આવો મેઘરાજા, વગડાવો વાજાં,
પીપીપીપી પૉમ્ પૉમ્ (૨)
મુશળધાર મુશળધાર...
વરસે છે પાણીડાધાર
છલબલ છલબલ છોમ્ છોમ્ (૨)
રેલમછેલ... રેલમછેલ...
નદીનાળાં રેલમછેલ...
સરરર, સરરર સોમ્ સોમ્
છલકાઈ જાય ખેતર સીમ
રિમઝિમ રિમઝિમ રિમઝિમ રિમ...



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**વાંચો :** છત્રી પર છાપેલા અક્ષરો પરથી વાક્યો લખાવો.






**ઉપરનાં વાક્યો લખાવો :**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


**જોડાવો :** ત્યાર બાદ આનુષંગિક વાચન-પદ્ધતિથી વાચન કરાવો :

















- રમકડાં
- રેડિયો
- દેડકો
- સગડી
- વહાણ
- દડો
- વેલણ

૩૨ ૩૨ ૩૨



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

લખાવો :

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| વ | વ | વ | વ | વ | વ | વ | વ | વ |
| ર | ર | ર | ર | ર | ર | ર | ર | ર |
| સ | સ | સ | સ | સ | સ | સ | સ | સ |
| દ | દ | દ | દ | દ | દ | દ | દ | દ |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

લખાવો :

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વે | વે | વે | વે | વે | વે | | | | | |
| રે | રે | રે | રે | રે | રે | | | | | |
| સે | સે | સે | સે | સે | સે | | | | | |
| દે | દે | દે | દે | દે | દે | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર | | | | | |
| ગામ | | | | | |
| ગમે | | | | | |
| જાગે | | | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## સમૂહમાં વંચાવો અને લખાવો :

- મારા દાદા ______________________
- નાના રાજા ______________________
- વેદને રસ ગમે. ______________________
- દેવને સેવ ગમે. ______________________
- મેના રાસ રમે. ______________________

**પ્રવૃત્તિ :** આ અક્ષરો આડાઅવળા ક્રમમાં એક એક કરીને બોલો. તમે જે અક્ષર બોલો તે છેકવા માટે બાળકોને સૂચના આપો. વિદ્યાર્થી એને ઓળખી છેકી કાઢશે.

| | | | | |
|---|---|---|---|---|
| વ | સા | રા | દા | સ |
| ર | વા | દ | ને | રે |

## ચર્ચા :





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in